RNI No.: GUJGUJ/2015/65690

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૧૦ | અંક: ૧૧ | મે - ૨૦૨૫ | કિંમત: ૧૦/-



# જાહેર આમંત્રણ



શ્રી ક્ષેત્રપાળવીર દાદા

## ચાલો ૐકારધામ તીર્થની ધન્ય ધરા ઉપર
## ૐકારધામ તીર્થની અગિયારમી સાલગીરી
## નિમિત્તે



ૐકાર શ્રી જીરાઉલા
પાર્શ્વનાથ ભગવાન

# ધજા મહોત્સવ



ૐકારધામ તીર્થની અગિયારમી સાલગીરી નિમિત્તે ધજા મહોત્સવના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આપ સૌ ભક્તજનોને આ ધજા મહોત્સવ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે ભાવભર્યુ આમંત્રણ છે.

ૐકારધામ તીર્થની સાલગીરીના દિવસે આપ સૌ ભક્તોને આ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ, પાલડી, અમદાવાદથી બસોની વ્યવસ્થા નિઃશુલ્ક ગોઠવવામાં આવી છે.


આપ આ પ્રસંગમાં બસ દ્વારા આવવા માંગતા હોય તો આપનું નામ અને મોબાઈલ નંબર વહેલા તે પહેલાના ધોરણે નીચે આપેલા વોટ્સઅપ નંબર પર મોકલી આપવા નમ્ર વિનંતી છે.

**શુભ તારીખ**
૨૫-૫-૨૦૨૫, રવિવાર
વૈશાખ વદ-૧૩

**નવકારશી (સવારનો નાસ્તો)**
સવારે ૭ થી ૭.૩૦ કલાક સુધી

**ધજા મહોત્સવનો સમય**
સવારે ૮ થી ૧૧ કલાક સુધી

**મહાપ્રસાદ (બપોરનું ભોજન)**
સવારે ૧૧ થી
બપોરે ૧૨-૩૦ કલાક સુધી




**શુભ સ્થળ**




## ૐકારધામ તીર્થ,

વિરમગામ-શંખેશ્વર હાઇવે, પાનવા ગામની બાજુમાં, પાનવા, શંખેશ્વર

9429208997



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

મે-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૧૧
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

પરમ પૂજ્ય ગુરુજીના માર્ગદર્શન-આદેશ અનુસાર ચાલતા ભક્તજનોના જીવનમાં ઘણાં સકારાત્મક પરિવર્તન આવ્યા છે, જેનું પ્રમાણ ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં ભક્તો તેમના અનુભવો મોકલીને અન્યને પ્રેરણા મળે તે માટે લખીને આપે છે.

ગુરુજી એ કહેલી એક વાત હું અહીં આપને કહી રહ્યો છું - “આ બ્રહ્માંડના ગહન જ્ઞાનની સમજ મેળવવા એટલેકે આ બ્રહ્માંડની શરૂઆતના સમયથી આ પૃથ્વી પર સૌપ્રથમ પશુ-પક્ષી-જીવજંતુ સિવાય અન્ય કોઇ જીવન ન હતું. એ પછી મનુષ્યનું નિર્માણ થઇ સમાજની શરૂઆત થઇ. એ સમયે જે દેવી-દેવતાઓ આ પૃથ્વી પર જન્મ લઇને આવ્યા હતા તેઓને મનુષ્ય સ્વરૂપમાં રહીને અસહ્ય પીડાઓ સહન કરીને એમના લોક માટે, આ પૃથ્વી પરના જનજીવન માટે કામ કરવાનું હતું. આટલા શક્તિશાળી દેવી-દેવતાઓને પણ એમને સોંપેલા કામ કરવા બદલ જે પણ સહન કરવું પડે તે હસતા મુખે સહન કરવું પડતું હોય તો આપણે તો એક સામાન્ય મનુષ્ય છે. જે આપણે મનુષ્ય થઇને માનસિક, શારીરિક, આર્થિક કે અન્ય કોઇપણ જાતની તકલીફ ભોગવી રહ્યા છીએ એના કરતા હજાર ગણી તકલીફો સાથે એ લોકો એમના લોક માટે, આ પૃથ્વી પરના જનજીવન માટે નિયમોનું ચુસ્ત પાલન કરીને આજે પણ આ ધરતી પર જન્મ લઇને કામ કરે છે.”

કહેવાનું તાત્પર્ય એટલું છે કે પરમ પૂજ્ય ગુરુજી એમાંના જ એક એવા જ્ઞાની અવતારી મહાપુરૂષ છે કે જેમના દ્વારા આપવામાં આવતા સિદ્ધ મંત્રો અને સાધનાઓ, ચાલીસાઓ મનુષ્ય જો શ્રદ્ધાપૂર્વક કરે તો એનું ચમત્કારિક ફળ સાધકને અવશ્ય પ્રાપ્ત થાય છે.

પરમ પૂજ્ય ગુરુજીએ રચિત કરેલ એક ગઝલરચના ‘ગંગાને તીરે’ અહીં હું આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

**‘ગંગાને તીરે’**

**એ ચક્રો કાળના તો મેં ખૂબ જોયા, આ સફરમાં તડકાં-છાંયા ખૂબ જોયા ;**
**લોભ, લાલચ ને કપટની પાછળ પડી, ને પછી ગંગાને તીરે પાપ ધોયા ;**
**નીકળ્યા’તા ખોજ ‘સ્વ’ની કરવાને, પરંતુ એમાંય પોતાને જ ખોયા ;**
**ગઇ જિંદગી હાથમાંથી ખબર ન પડી, ને હવે હાથ દઇ માથે ખૂબ રોયા ;**
**દોટ મુકી બસ મિથ્યાની પાછળ ઘણી, ને પછી અંતે ફક્ત ઝાંઝવા જ જોયા.**

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો તેમજ દિવ્ય સાધનાઓ દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥



# ગાયત્રી માતાની કૃપા પ્રાપ્ત કરી આપના જીવનને સફળ બનાવવા માટે ગાયત્રી જયંતીના પાવન દિવસથી કરવાની ચમત્કારિક મંત્રસાધના

ગાયત્રી જયંતી જેઠ મહિનાની શુક્લ પક્ષની એકાદશીના દિવસે મનાવવામાં આવે છે અને આ દિવસે માતા ગાયત્રીનું અવતરણ થયું હતું. ધર્મશાસ્ત્રોમાં માતા ગાયત્રીને વેદમાતાના નામથી ઓળખવામાં આવે છે. માતા ગાયત્રીને દેવી પાર્વતી, દેવી સરસ્વતી અને દેવી લક્ષ્મીજીના સંયુક્ત અવતાર માનવામાં આવે છે.

માતા ગાયત્રીની મંત્રસાધના કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ અને માનસિક શાંતિ સ્થપાય છે, આધ્યાત્મિક જાગૃતિ થાય છે, જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે, શત્રુઓથી મુક્ત રહેવાય છે તેમજ પરિવારમાં એકતા બની રહે છે.

માતા ગાયત્રીને વેદોનો સાર કહેવામાં આવે છે. બ્રહ્માજી દ્વારા માતા ગાયત્રીની ઉત્પત્તિ થઇ હતી. આ સૃષ્ટિ પર જ્ઞાન-ચૈતન્ય એ ગાયત્રીના સ્વરૂપ છે. શાસ્ત્રો અનુસાર આ સૃષ્ટિના આરંભમાં બ્રહ્માજીના મુખથી ગાયત્રી મંત્ર પ્રગટ થયેલ અને માતા ગાયત્રીની કૃપાથી બ્રહ્માજીએ ગાયત્રી મંત્રની વ્યાખ્યા ચાર વેદોના રૂપમાં કરી હતી.

શરૂઆતમાં માતા ગાયત્રીની મહિમા દેવતાઓ સુધી જ હતી, પરંતુ જેવી રીતે ભગીરથ કઠોર તપ કરીને ગંગામૈયાને સ્વર્ગથી ધરતી ઉપર લઇ આવ્યા તેવી જ રીતે મહર્ષિ વિશ્વામિત્રએ કઠોર તપસ્યા કરીને ગાયત્રી મહિમા અર્થાત્ મંત્રને લોકો સુધી પહોંચાડ્યા. જો માતા ગાયત્રીને મંત્રસાધનાથી સિદ્ધ કરવામાં આવે તો એ કામધેનુ (ઇચ્છા પૂરી કરવાવાળી દૈવીય ગાય) સમાન છે. જેમ ગંગા શરીરના પાપોને ધોઇને તન-મનથી નિર્મળ કરે છે તેવી જ રીતે ગાયત્રીરૂપી બ્રહ્મ ગંગાથી આત્મા પવિત્ર બને છે.

આજે હું આપને માતા ગાયત્રીની કરવાની એક દિવ્ય મંત્રસાધના આપવા જઇ રહ્યો છું. જે આપ ગાયત્રી જયંતીના દિવસથી અચૂક શરૂ કરજો.

# ગાયત્રી જયંતીના પાવન દિવસથી ગાયત્રી માતાની મંત્રસાધના કરવાની માહિતી

**આ વખતે ગાયત્રી જયંતી તારીખ : ૬-૬-૨૦૨૫, શુક્રવારના રોજ છે.**

ગાયત્રી જયંતીના પાવન દિવસથી માતા ગાયત્રીની આરાધના કરવા માટે આજે હું આપને ૩૬ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનો એક બાજઠ અથવા પાટલો લેવો. એના ઉપર પીળા કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ એ વસ્ત્ર ઉપર એક મુઠ્ઠી ઘઉંની ઢગલી કરવી અને ત્રણ આખી સોપારી સ્થાપનમાં મુકવી. તે પછી નીચે આપેલ ૐ શ્રી ગાયત્રી કૃપા શક્તિ ચક્રનું કટીંગ કરી એનું લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે નીચે આપેલ મંત્ર ૯ (નવ) વખત કરવો. ત્યારબાદ સદ્‌ગુરુ ૐૠષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ એકવાર કરવો. શ્રી નવદુર્ગા ચાલીસા ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પરથી નિઃશુલ્ક પ્રાપ્ત થઇ શકશે.

સાધના કેટલા દિવસ કરવી? : આ સાધના ગાયત્રી જયંતીના દિવસથી શરૂ કરીને કુલ ૩૬ દિવસ કરવી. વચ્ચે કોઇ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૩૬ દિવસ ગણીને આ સાધના પરિપૂર્ણ કરવી.

સાધના કરવાનો સમય : આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય.

સ્થાપન કરવાનો સમય : ગાયત્રી જયંતીના દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધીમાં સ્થાપન કરવું.

કયા કલરનું વસ્ત્ર પહેરવું? : કોઈપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય.

ઉત્થાપન કરવાનો સમય : સાધના પરિપૂર્ણ થાય એના પછીના દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધીમાં ઉત્થાપન કરવું. સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ બધી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જન કરી દેવી.

**એક જ સ્થાપન ઉપર ઘરના અન્ય સભ્યો પણ આ સાધના કરવી હોય તો કરી શકે છે.**

## મંત્ર : ॥ ૐ શક્તિપ્રદાતા ગાયત્રીદેવી નમઃ ॥

### ૐ શ્રી ગાયત્રી કૃપા શક્તિ ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ॐ त्रावकः ॥ | ॥ ॐ गायत्रीः॥ | ॥ ॐ काविकाः॥ |
| ॥ ॐ वावकः॥ | ॥ ॐ विश्वामित्रः॥ | ॥ ॐ त्राविकाः॥ |
| ॥ ॐ नावकः॥ | ॥ ॐ वशिष्ठः ॥ | ॥ ॐ राविकाः॥ |



# નિર્જળા એકાદશી

"સર્વે એકાદશીઓમાં સર્વશ્રેષ્ઠ એકાદશી એટલે નિર્જળા એકાદશી"

જેઠ માસની શુક્લપક્ષની એકાદશી નિર્જળા એકાદશી કહેવાય છે. આમ તો પૂરા વર્ષ દરમ્યાન ૨૪ એકાદશીઓ આવતી હોય છે પરંતુ, તેમાં નિર્જળા એકાદશીનું વિશેષ મહાત્મય રહેલું છે. નિર્જળા એકાદશીને જ ભીમસેની એકાદશી પણ કહેવામાં આવે છે. આજના આ કળિયુગમાં નિર્જળા એકાદશીનાં વ્રતને કામધેનું સમાન કહેવામાં આવ્યું છે જેવી રીતે નદીઓમાં ગંગા પ્રકાશક, તત્વમાં સુર્ય અને દેવતાઓમાં ભગવાન વિષ્ણુની પ્રધાનતા છે. તેવી જ રીતે વ્રતોમાં એકાદશી વ્રતની પ્રધાનતા છે. નિર્જળા એકાદશીનાં દિવસે ભગવાન શ્રીહરિ વિષ્ણુની પૂજા- આરાધના કરવામાં આવે છે. કહેવાય છે કે ભગવાન શ્રી વિષ્ણુને આ વ્રત સૌથી વધુ પ્રિય છે. નિર્જળા એકાદશીનું વ્રત કરવાથી પૂરા વર્ષ દરમ્યાન આવતી તમામ એકાદશીના વ્રત કર્યાનું ફળપ્રાપ્ત થાય છે.

નિર્જળા એકાદશીનાં વ્રત વિશે પદ્મ પુરાણોમાં એવી પૌરાણિક કથા છે કે.... કુંતી પુત્ર ભીમ માટે કોઈપણ વ્રત કરવું ખૂબ મુશ્કેલ હતું કારણ કે ભુખ્યા રહેવાનું તેના માટે શક્ય ન હતું. તે એકાદશીનું વ્રત રાખવા માંગતા હતા માટે તેમણે મહર્ષિ વેદવ્યાસજી અને ભિષ્મ પિતામહ પાસેથી માર્ગદર્શન લીધું. ભીમે કહ્યું કે મારાથી એકવાર ભોજન ગ્રહણ કરીને પણ વ્રત નહીં થઈ શકે. મારા ઉદરમાં 'બીક' નામની અગ્નિ હંમેશા પ્રજવલિત રહે છે. હું વર્ષમાં માત્ર એક જ ઉપવાસ રાખી શકુ છું જેનાથી સ્વર્ગની પ્રાપ્તિ સુલભ થાય અને જેને કરવાથી કલ્યાણનો ભાગીદાર રહું. આ વાત સાંભળી વેદવ્યાસ અને ભિષ્મ પિતામહે તેને નિર્જળા એકાદશીનું વ્રત સૂચવતા કહ્યું કે તું આ વ્રત કરી લે તો તને બાકીની ૨૪ એકાદશીનાં વ્રતનું ફળ પણ મળશે. આ સાંભળી ભીમે વ્રત કરવાનો શુભારંભ કર્યો અને માટે જ આ એકાદશીને ભીમસેની એકાદશી તરીકે પણ

ઓળખવામાં આવે છે.

નિર્જળા એકાદશીનું આ વ્રત સૂર્યોદયથી સૂર્યાસ્તના સમય સુધી નિરાહાર અને નિર્જળ કરીને કરવામાં આવે છે. આ વ્રતમાં પાણી પીવાનું વર્જિત ગણાયું છે. માટે તેને નિર્જળા એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. આ વ્રત મન પરનો સંયમ શીખવે છે તેમજ શરીરને નવી ઊર્જા પ્રદાન કરે છે. કહેવાય છે કે નિર્જળા એકાદશીનું વ્રત કરવાથી આરોગ્યની વૃદ્ધિ થાય છે અને ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે.

**આ વખતે નિર્જળા એકાદશી તારીખ : 6-6-2025, શુક્રવારના રોજ છે.**

## નિર્જળા એકાદશીની મંત્રસાધના કરવાની માહિતી

નિર્જળા એકાદશીના પાવન દિવસથી ભગવાન વિષ્ણુની આરાધના કરવા માટે આજે હું આપને ૧૮ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ નીચે આપેલ મંત્ર ૯ (નવ) વખત કરવો. ત્યારબાદ ૐઋષિ રચિત શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનો પાઠ એકવાર કરવો. શ્રીમદ્ ભાગવત્ ચાલીસા આપની પાસે ના હોય તો આપ ૐકાર સંપ્રદાય આશ્રમ પરથી નિઃશુલ્ક પ્રાપ્ત કરી શકશો.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી? | : | આ સાધના ૧૮ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૧૮ દિવસ ગણીને સાધના પૂર્ણ કરવી. |
| સાધના કરવાનો સમય | : | આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય. |

**મંત્ર :**

**॥ ૐ વિષ્ણુમહાદેવાય શક્તિ સિદ્ધા નમઃ ॥**



ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા મનોદિવ્યાંગ બાળકો માટે આયોજિત

# DIVYANG DRAWING COMPETITION

આ કાર્યક્રમ ૩ મે, ૨૦૨૫ ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી ખાતે રાખવામાં આવેલ. ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટના સંસ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી દ્વારા સૌપ્રથમ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરેલ. આ Drawing Competition માં ૮૦ બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધેલ. જેમાં બાળકોએ ડ્રોઈંગ પેપર પર Drawing કરીને તેમની આવડત અને કલાને બહાર લાવવાનો અદ્‌ભૂત પ્રયત્ન કરેલ. ભાગ લીધેલ દરેક બાળકને ડ્રોઈંગકીટ ગીફ્ટ આપવામાં આવેલ અને Winner થયેલ ત્રણ બાળકને Drawing Competition Winner સર્ટીફિકેટ આપવામાં આવેલ. ત્યારબાદ ટ્રસ્ટ દ્વારા દરેક જણ માટે નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં મનોદિવ્યાંગ બાળકોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ.









Divyang
Drawing Competition
Date : 3/5/2025, Saturday
Organized by




3/5/2025, Sat
Organized by:
nkar Fo
Trust (NGO)















## શ્રી ક્ષેત્રપાળવીર દાદાના દર્શનાર્થે જઇ ત્રતા ઊર્જા દ્વારા મનોકામના પરિપૂર્ણ કરો

તમારું સૂક્ષ્મ શરીર એ તમારા સ્થૂળ શરીર સાથે જોડાયેલું છે. સમજો કે ૧લી તારીખે તમારા જીવનમાં જે ઘટના થવાની હોય એ તમારા સૂક્ષ્મ શરીરમાં એટલે કે ઓરામાં ૨૫ તારીખે આવી જાય છે. તમારા ઓરામાં જે ઘટના આવી જાય છે એ ઘટના તમારા જીવનમાં સાત દિવસ પછી ઘટિત થાય છે.

હવે સમજો કે ત્રતા નામક ઊર્જા છે એ દરેક મનુષ્યમાં પડેલી છે. એ ત્રતા ઊર્જાનો દરેક મનુષ્યએ જે વિકાસ કરવો જોઈએ એ કરતો નથી. હકીકતમાં આપણું જે સ્થૂળ શરીર છે એ આપણું સૂક્ષ્મ શરીર અને આપણી આત્મા એ બંન્નેને લઈ જવાનું, વહન કરવાનું કામ કરે છે. એટલે તમે જો તમારી ઓરા, તમારી આત્માને જેટલું પરફેક્ટ રાખશો એટલું તમારી ઓરાની શક્તિ, ઊર્જાના માધ્યમથી વધારે ને વધારે તમારી ઓરા અને આત્માની જે ઊર્જા જે છે એ ત્રતા ઊર્જાના માધ્યમથી વધતી જશે.

ત્રતા ઊર્જા એ દરેક મનુષ્યની ઓરામાં પડેલી હોય છે. હવે એ ઊર્જાને તમારા મંત્રથી, ૐકાર ચાલીસાથી, ૐકાર ચાલીસાના લેખનથી તમે જેટલા અંશ વધારો તો એનાથી તમે લોકોનું પણ કાર્ય સિદ્ધ કરી શકો. જેમકે તમે એને હીલીંગ આપો છો તો એ હીલીંગ પરફેક્ટ આપી શકો અને એનું રીઝલ્ટ મળે, ભલે તમારી હીલીંગની મેથડ જે પણ હોય. એ કોઈપણ મેથડમાં ત્રતા ઊર્જા મીક્સ થઈ જાય. તમને તમારા જીવનમાં ભૌતિક અને આધ્યાત્મિક શક્તિઓ મળે. તમારી સુવિધાઓ, તમારી સાધન સંપન્ન પરિસ્થિતિ તમે જે પણ ઈચ્છતા હોય એ પણ તમને મળે અને

તમને આધ્યાત્મિક જીવનમાં ક્રાંતિ કરવાનો અવકાશ મળે. તમારી ત્રતા ઊર્જાને સક્રિય કરીને તમે તમારા જીવનમાં હજારો લાખો મનુષ્યોને મદદરૂપ બની શકો.

ત્રતા ઊર્જાને તરત વધારવી હોય તો સાત રવિવાર ૐકારધામ તીર્થ-પાનવા જવું પડે. મહિનાનો એક રવિવાર એવા સાત રવિવાર ત્યાં શ્રી ક્ષેત્રપાળવીર દાદાના દર્શન કરવાથી ત્રતા ઊર્જા તરત વધે છે. ૐકારધામ તીર્થ-પાનવામાં શ્રી ક્ષેત્રપાળવીર દાદાની મૂર્તિમાં એવા મંત્રોની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે કે જે તમારી ત્રતા ઊર્જાને તરત એક્ટીવ કરે છે.

મારો અનુભવ એવું કહે છે કે દરેક મનુષ્ય જે છે એ પોતાની ભૌતિક પીડા અને ભૌતિક પ્રશ્નોના સમાધાન માટે જ દરેક મંદિરે અથવા દેવ દર્શને જતો હોય છે. એવા બે ટકા લોકોને બાકાત રાખીએ કે જે કદાચ મોક્ષની કામના કે કંઈ નહીં માંગવાની કામનાથી જતા હશે પણ ૯૮ ટકા લોકો પોતાના ઈષ્ટદેવ પાસે પોતાની મનોકામનાની પૂર્તિ માંગવા માટે જાય છે પરંતુ એ મૂર્તિઓની અંદર માત્ર પુણ્ય અને મોક્ષની જ પ્રાણ પ્રતિષ્ઠા કરી હોય છે. એ મંદિર ચાહે કોઈપણ ધર્મનું હોય. જ્યારે ૐકારધામ તીર્થના મંદિરમાં બધા ભગવાન, દેવી, દેવતા, શ્રી ક્ષેત્રપાળવીરમાં ત્રતા ઊર્જાથી લઈને ભૌતિક પ્રક્રિયા, ભૌતિક કાર્યોની સિદ્ધિ થાય એવા મંત્રોની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. જે તમને આધ્યાત્મિક ક્રાંતિ તો કરાવે જ કરાવે પણ તમારી જે ઈચ્છા હોય એ પરિપૂર્ણ થવાની કામના કરો તો એ પરિપૂર્ણ થાય થાય ને થાય જ, માટે મારી દૃષ્ટિએ તમારી ઓરાને વધારે સક્ષમ કરવા તમારે ૐકારધામ તીર્થમાં દર્શનાર્થે અવશ્ય જવું જોઈએ.

# હિંમતભાઇની હિંમત

આજના સમયમાં ચારે તરફ હોસ્પિટલો અને ડૉક્ટરોનો જમાવડો છે. છતાં પણ આજનો મનુષ્ય શારીરિક પીડા આવશે એવા ડરમાં જીવ્યા કરે છે. હું મારા જીવનના માધ્યમથી લોકોને પ્રેરણા આપવાનો ઈશ્વરના પ્રતિનિધિ તરીકે નિમિત બનીને સદાય પ્રયત્ન કરતો રહ્યો છું. હું હંમેશા સર્વ ભક્તોને સમજાવતો હોવું છું કે હું જો કરી શકું છું તો તમે તો ચોક્કસ કરી શકો છો. મેં મારા જીવનમાં કંઇ પણ કર્યું છે તો હંમેશા નિમિત બનીને કર્યું છે.

આજે જે મનમાં ડર રાખતા હોય અને ખાસ કરીને શારીરિક બિમારી આવવાનો ડર રાખતા હોય એ લોકો માટે મારી આંખ સમક્ષ જોયેલી સત્ય ઘટના આપની સમક્ષ મારા સંસ્મરણોની ડાયરીમાંથી આપના સુધી પહોંચાડી રહ્યો છું.

આ સત્ય ઘટના મારા દાદા હિંમતલાલ વાડીલાલ શાહની છે.

૧૯૯૦થી પહેલા ગુજરાતમાં લગભગ મોટાભાગના દરેક પરિવાર અંદરોઅંદર લડી ઝઘડીને પણ સંયુક્ત રહેતા હતાં.

આજની જેમ ન્યુક્લિઅર ફેમિલીનો કોન્સેપ્ટ એ સમયે અસ્તિત્વમાં તો છોડો પરંતુ વિચારમાં પણ હતો નહિ. બે દીકરા હોય અને એક દીકરો અલગ રહેવા જાય એવી ઘટના ગુજરાતમાં બહુ જ ઓછી થતી હતી.

તકલીફો અને વિખવાદ સાથે પણ બધાં મોટાભાગે ભેગાં જ રહેતા હતાં અને સુખ-દુઃખમાં એકબીજા સાથે ખભેથી ખભો મીલાવીને જોડે ઊભા રહેતા હતાં.

આજે મારા એ સમયના સંયુક્ત પરિવારમાં બનેલો એવા જ એક પ્રસંગના તમને સાક્ષી બનાવવા જઇ રહ્યો છું.

આ વાત ૧૯૮૩ની છે. મારા દાદાને એ વખતે અમદાવાદના પ્રખ્યાત હાર્ટ સર્જન ડો. સતુભાઇ ત્રિવેદીએ કહ્યું હતું.

"હિંમતભાઇ, તમારું હાર્ટ બંધ થવાની તૈયારી છે. જો બીજા દસ વર્ષ જીવવા ઇચ્છતા હોય અને પૈસાની તકલીફ ના હોય તો બોમ્બે જઇ અને બોમ્બે હોસ્પિટલમાં ડો. નિમેષ શાહ પાસે ઓપન હાર્ટ સર્જરી કરાવી લો." ડો. સતુભાઇ ત્રિવેદીએ એમના સ્વભાવ પ્રમાણે પેશન્ટના મોઢે જ આ સત્ય કહી દીધું હતું.

એક સેકન્ડ માટે તો ડો. સતુભાઇ ત્રિવેદીની વાત સાંભળી મારા દાદા હલી ગયા. પછી એમણે એમના સ્વભાવ પ્રમાણે હિંમત રાખી પોતાની જાત ઉપર સ્વસ્થતા કેળવી અને ડો. સતુભાઇને પૂછ્યું હતું.

"સાહેબ, ઓપન હાર્ટ સર્જરી એટલે શું?" દાદાએ આશ્ચર્ય સાથે ડો. સતુભાઇને પૂછ્યું હતું.

"હિંમતભાઇ, ઓપન હાર્ટ સર્જરી એટલે તમારું હાર્ટ કાઢી એના બદલામાં કૃત્રિમ પ્લાસ્ટિકનું હાર્ટ તમારા શરીરમાં બેસાડવામાં આવે. જેની શોધ થોડાક સમય પહેલા જ થઇ છે. અમેરિકા જેવા દેશોમાં તો આ ઓપરેશન હવે સફળ થઇ ચૂક્યા છે, પરંતુ ભારતમાં હજી આ ઓપરેશન કરવા વાળા એક્સપર્ટ ડોક્ટરોનો અભાવ હોવાના કારણે સફળતા ઓછી મળે છે, પરંતુ મુંબઇમાં માત્ર બોમ્બે હોસ્પિટલમાં જ ડો. નિમેષ શાહ જે હમણાં જ નવા

ઇંગ્લેન્ડથી ભણીને આવ્યા છે એ તમારું આ ઓપરેશન કરી શકે એવા એક્સપર્ટ ડોક્ટર છે. તમારા કેસમાં ઓપરેશનમાં સફળતા કેટલી મળશે એનો જવાબ ડો. નિમેષ શાહ જ આપી શકે એમ છે. જો તમારે ઓપરેશન કરાવવું હોય તો રૂપિયા ચારથી પાંચ લાખ ખર્ચવાની તૈયારી પણ તમારે રાખવી પડશે. (એ વખતે ૧૯૮૪માં ચાર થી પાંચ લાખની રકમ એ આજના પચાસ લાખ રૂપિયાથી પણ વધુ થાય.)" ડો. સતુભાઇએ દાદાને સમજાવતા કહ્યું હતું.

મારા દાદા ખૂબ જ હિંમતવાળા સ્વભાવના હતાં. એમની ફોઇએ એમનું નામ હિંમતલાલ રાખ્યું હતું. આ નામ એમણે એમના જીવનમાં સાર્થક કરી બતાવ્યું હતું. દાદાએ ઘરે આવીને ડોક્ટરે કહેલી વાત ઘરના બધાં સદસ્યોને જણાવી હતી અને બોમ્બે જઇને (એ વખતે મુંબઇ એ બોમ્બે હતું) ડો. નિમેષ શાહને બતાવવાનું એમણે નક્કી કરી નાંખ્યું હતું.

ડો. સતુભાઇ ત્રિવેદીએ પોતે પેશન્ટની હાલત ગંભીર છે એવું જણાવી ડો. નિમેષ શાહનો સમય દાદા માટે ઝડપથી લઇ આપ્યો હતો.

ત્રણ દિવસ પછી દાદા ડો. નિમેષ શાહના બોમ્બે હોસ્પિટલમાં આવેલા ચેમ્બરની બહાર વેઇટીંગ એરીયામાં બેઠાં હતાં. દાદાનો નંબર આવ્યો અને દાદા ડો. નિમેષ શાહના ચેમ્બરમાં દાખલ થયા.

ડો. નિમેષ શાહના આસીસ્ટન્ટે દાદાને ઇશારાથી ખુરશીમાં બેસવા કહ્યું હતું.

"મિ. હિંમતભાઇ, તમારા રીપોર્ટ જોતાં લાગે છે કે આપની હાર્ટની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. છતાં મને નવાઇ લાગે છે કે તમે તમારા પગ ઉપર હજી ચાલી શકો છો. હું તમને કોઇપણ ખોટા આશ્વાસન આપવા માંગતો નથી. તમારી હાલત અને રીપોર્ટ જોતાં મને એવું લાગે છે કે ઓપન હાર્ટ સર્જરી વખતે ઓપરેશન ટેબલ ઉપર જ તમારું મૃત્યુ થઇ જાય એવી ૯૯ ટકા શક્યતાઓ છે અને ઓપરેશન સફળ થાય તો દસ વર્ષ હાર્ટના કારણે કશું પણ થાય નહિ અને જો તમે ઓપરેશન નથી કરાવતા તો વધારેમાં વધારે છ મહિના સુધી જીવી શકશો." ડો. નિમેષ શાહે અમદાવાદના ડો. સતુભાઇ ત્રિવેદીએ કઢાવેલા રીપોર્ટ ચકાસતા કહ્યું હતું.

મારા દાદા સાથે એ વખતે મારા પિતા પણ ગયા હતાં. ડોક્ટરની વાત સાંભળીને એ પૂરેપૂરા હલી ગયા હતાં.

"ડોક્ટર સાહેબ, હું ઓપરેશન કરાવવા માટે તૈયાર છું." દાદાએ થોડીક ક્ષણો વિચાર્યા બાદ ડોક્ટરને કહ્યું હતું.

ડોક્ટરે તરત જ એક્શન લીધું અને દાદાને અત્યારે જ હોસ્પિટલમાં દાખલ થઇ જવાની સૂચના આપી હતી. દાદા ડોક્ટરની સૂચના પ્રમાણે હોસ્પિટલમાં દાખલ થઇ ગયા.

"ભઇ (મારા પિતા મારા દાદાને ભઇ કહેતા હતાં), આપણે અમદાવાદ જઇ કોઇ આયુર્વેદિક ડોક્ટર કે હોમિયોપેથીક ડોક્ટરને બતાવીએ. ડોક્ટર ચોખ્ખું તો તમને કહી રહ્યા છે કે ઓપરેશન સફળ થવાની એક જ ટકા શક્યતા છે અને તમે એક ટકા માટે જાન જોખમમાં મુકવા તૈયાર થઇ ગયા છો." મારા પિતાએ દાદાને કહ્યું હતું.

"જો અશોક, એલોપેથી દવા અને એમાં થયેલું આજના જમાનાનું સંશોધન એ અત્યારના મેડીકલ જીવનનું સત્ય છે. ધારો કે મને હાર્ટનો પ્રોબ્લેમ ના થયો હોત અને રસ્તામાં એક્સીડન્ટ થયો હોત તો તું મને એલોપેથી હોસ્પિટલ લઇ જાત કે આયુર્વેદિક હોસ્પિટલ લઇ જાત." મારા દાદાએ મારા પિતાને

પૂછ્યું હતું.

"એલોપેથી હોસ્પિટલમાં જ લઇ જવાયને." મારા પિતાએ જવાબ આપ્યો હતો.

"બસ તો પછી, હું છ મહિના સુધી હોમિયોપેથી કે આયુર્વેદિક દવાઓ કરું અને એમાં સફળતા ના મળે તો જીવ જવાનો જ છે. એના કરતા નસીબ ઉપર વિશ્વાસ રાખી ભગવાનના ભરોસે એક ટકા ચાન્સ લેવો એ બુદ્ધિપૂર્વકનો નિર્ણય છે, માટે તું અમદાવાદથી તું તારી બાને બોમ્બે બોલાવી લે અને તું તારી બા(મારા પપ્પાની મમ્મી) અહીં આવી જાય એટલે અમદાવાદ ભેગો થઇ જા અને દુકાન સંભાળ. અહીંયા મારી જોડે બેસી રહેવાથી કશું થશે નહિ. ઓપરેશન અને હોસ્પિટલનો ખર્ચ પાંચ લાખ રૂપિયા થશે, એ તારા અહીંયા બેસી રહેવાથી આવવાના નથી. અમદાવાદ જઇ તું આંગળીયામાં પૈસા મોકલી આપ એટલે હોસ્પિટલમાં બધાં રૂપિયા જમા કરાવી દઇએ. ઓપરેશનના દિવસે પણ ઘરમાંથી કોઇએ અહીં આવવાની જરૂર નથી. તારી બા મારી જોડે હશે એટલે ચિંતા નથી." મારા દાદાએ આ ક્ષણે હિંમતનો પુરાવો આપ્યો હતો અને મારા પિતાને મારા બા(દાદી) હોસ્પિટલ પહોંચ્યા પછી અમદાવાદ મોકલી દીધા હતાં.

ઓપરેશનના દિવસે મારા પિતા મુંબઇ પહોંચી ગયા હતાં. એ મુંબઇ પહોંચ્યા ત્યાં સુધીમાં દાદાને ઓપરેશન થીયેટરમાં લઇ જવામાં આવ્યા હતાં. ઓપરેશન લગભગ આઠ  કલાકથી વધારે સમય ચાલ્યું હતું.

ઓપરેશનના બીજા દિવસે સાંજે દાદા ભાનમાં આવ્યા અને ડો. નિમેષ શાહને એમના કેરીયરનો પહેલો કેસ ઓપન હાર્ટ સર્જરીનો સફળ થયાનો આનંદ થયો. એ વખતે મારા દાદા ભારતમાં ઓપન હાર્ટ સર્જરીનો બીજો કે ત્રીજો કેસ હતાં જે ઓપરેશન બાદ સફળ રહ્યો હતો.

દાદા જ્યારે ભાનમાં આવ્યા ત્યારે મારા પિતાએ એમને પૂછ્યું હતું.

"ભઇ, તમને કેવું લાગે છે?"

"તું અહીં શું કરે છે? મેં તને દુકાન સંભાળવાનું કીધું હતું અને ઓપરેશનના દિવસે આવવાની ના પાડી હતી." દાદાએ ઢીલા અવાજે પિતાને કહ્યું હતું.

"બેન(મારા પિતા મારી દાદીને બેન કહેતા હતાં), હવે ભઇને સારું લાગે છે. મહિનામાં ઊભા થઇ જશે." પિતાએ મારા બા સામે જોઇ કહ્યું હતું.

ઓપરેશનના એક મહિના બાદ ડોક્ટરની સ્પષ્ટ મનાઇ હોવા છતાં પણ દાદા સ્કૂટર ચલાવતા અને ત્રણ દાદરા ચડીને એચ.એ. માર્કેટમાં આવેલી અમારી કાપડની દુકાને જતાં હતાં.

હું દાદાનું ઓપરેશન થયું ત્યારે સાત વર્ષનો હતો. હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદ દાદા જૂહુમાં આવેલા એક ફ્લેટમાં ડોક્ટરની સલાહ મુજબ દાદા આરામ કરવા રોકાયા હતાં. ત્યાં હું એમને મળ્યો હતો. દાદાને હું એમને મળવા આવ્યો છું એ વાત જાણી ખૂબ આનંદ થયો હતો.

વર્ષ ૨૦૦૬માં ૮૬ વર્ષની ઉંમરે એ આ દુનિયા છોડીને ચાલ્યા ગયા, પરંતુ પરિવારને પ્રેરણા આપે અને ખરાબ સમયમાં પરિવાર હિંમતથી લડી શકે એવા કેટલાંય ઉદાહરણો એમના જીવનના સમગ્ર પરિવાર માટે મુકતા ગયા.

લિ.
ૐગુરૂ

## રાજ્યકક્ષાની મુટ કોર્ટમાં મેડલ જીત્યો



મારું નામ વ્રજ આશિતકુમાર ગાંધી છે. હું ઘણાં વર્ષોથી પરમ પૂજ્ય ગુરુજીના માર્ગદર્શન હેઠળ નિયમિત ૐકાર ચાલીસાના પાઠ અને તેમના દ્વારા આપેલા મંત્રો નિયમિત કરું છું. હું એક વિદ્યાર્થી છું અને વકીલાતનું ભણી રહ્યો છું.

ગુરુજીના માર્ગદર્શન હેઠળ હું મારા અભ્યાસ દરમ્યાન અનેક પ્રવૃત્તિમાં ભાગ લઈ અને મેડલ જીત્યો છું. જેમાંથી તાજેતરમાં જ રાજ્યકક્ષાની મુટ કોર્ટમાં ભાગ લઈ મેડલ જીતેલ છે. મારો ગુરુજી પ્રત્યેનો અનુભવ મને એકાગ્રતા અને મારા કાર્ય પ્રત્યે વળગી રહેવામાં ખૂબ જ મદદ કરે છે. આથી હું ગુરુજીનો ખૂબ આભારી છું. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ મારા પર આવી જ રીતે રહે એવા એમના ચરણોમાં પ્રાર્થના સાથે ૐ નમઃ .....

લી. વ્રજ ગાંધી (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં પ્રગતિ કરવા ઇચ્છતા હોય તો સદ્‌ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનું પઠન અને લેખન પૂરા મન અને શ્રદ્ધાથી કરવું તેમજ ગુરુજી દ્વારા અપાતા મંત્ર અને મંત્રશક્તિપાત નિયમિત કરવા.**

## અશક્ય કામ શક્ય બન્યું

હું અમેરિકા ભણવા માટે ગયો છું. ફેબ્રુઆરી મહિનામાં હું ઈન્ડિયા લગ્ન પ્રસંગ માટે આવ્યો હતો. મેં મારો પાસપોર્ટ સ્ટેમ્પીંગ માટે મુંબઈ મોકલ્યો અને રીજેક્ટ થઈને પાછો આવ્યો. અમારો સમગ્ર પરિવાર ચિંતામાં આવી ગયો. અમને કશું સમજાતું ન હતું. મારા માતૃશ્રી ૐકાર ચાલીસા નિયમિત કરે અને પરમ પૂજ્ય ગુરુજીના પૂનમ મહાદર્શન માટે પણ નિયમિત જાય.

"હવે આપણે ગુરુજીના શરણે જઈએ. એ કંઈક રસ્તો બતાવશે." મારા માતૃશ્રીએ મને કહ્યું.

અમે બીજા દિવસે પરમ પૂજ્ય ગુરુજીના આશ્રમે પહોંચ્યા. મારી મુખમુદ્રા અને ઓરા જોઈને ગુરુજીએ મને મંત્ર અને ૐકાર ચાલીસા કરવા માટે આપ્યા અને કહ્યું કે પાસપોર્ટ ફરીવાર મોકલ. હું ગુરુજી સામે જોતો રહ્યો.

"ગુરુજી, હું ફરીવાર પાસપોર્ટ મોકલીશ તો રીજેક્શન આપશે અને મને કાયમી અમેરિકામાં પ્રવેશ બંધ કરાવી દેશે."

"તારું સ્ટેમ્પીંગ થઈને આવી જશે. હું કહું એટલું કર." ગુરુજીએ આદેશ સાથે કહ્યું.

મારી ઈચ્છા ના હતી પરંતુ મારા માતૃશ્રીના કહેવા પ્રમાણે મેં પાસપોર્ટ ફરી મોકલી આપ્યો. મારા આશ્ચર્ય વચ્ચે અઠવાડિયામાં તો સ્ટેમ્પીંગ થઈને આવી ગયો. મારી આંખ સામે દેખેલો આ પ્રથમ ચમત્કાર છે. આ ખરેખર ચમત્કાર એટલે કહેવાય કે અમેરિકાની પોલીસી પ્રમાણે એકવાર સ્ટેમ્પીંગ માટે મોકલેલો પાસપોર્ટ રીજેકટ થાય તો છ મહિના સુધી તો કમ સે કમ સ્ટેમ્પીંગ વાગે નહિ. આ તો એક અલગ જ અનુભૂતિ મારા માટે હતી.

વર્ષોથી હું મારી મમ્મીને પૂનમ ભરવા જતા જોતો હતો અને મને થતું હતું કે પૂનમ ભરવાથી કામ સફળ થાય ખરું? પરંતુ આ ક્ષણે મારી બુદ્ધિ હારી ગઈ અને મારા માતૃશ્રીની શ્રદ્ધાની જીત થઈ.

એ દિવસથી મેં ૐકાર ચાલીસા અને મંત્ર નિયમિત ચાલુ રાખ્યા છે અને આજીવન ચાલુ જ રાખીશ. આ બધું ગુરુજીના આશીર્વાદથી જ શક્ય બન્યું છે. ગુરુજીના ચરણોમાં મારા દંડવત નમન....

લી. ભાવિક જાની (અમેરિકા)

**આજના કળિયુગમાં ૐકાર ચાલીસા એ બ્રહ્માસ્ત્ર છે. આપ પણ આપના જીવનમાં આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો સદ્‌ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા લેખન અને પઠન નિત્ય કરો. આપના જીવનમાં પણ અચૂક ચમત્કાર થશે.**

## લાખોના નુકસાનમાંથી આબાદ બચાવ થયો

હું વર્ષોથી શેરબજારના ધંધા સાથે જોડાયેલો છું. છેલ્લા છ મહિનામાં શેરબજારમાં થતી ભારે ઉથલપાથલમાં હું મોટી રકમમાં ફસાઈ ગયો. ખૂબ જ મોટી કહી શકાય એવી રકમ મારી શેરબજારમાં જતી હતી. મેં ગુરુજીને ફોન કર્યો અને મારી વ્યથા જણાવી.

ગુરુજીએ કહ્યું, "ચાર દિવસ ધીરજ ધર. તારી ફેવર થઈ જશે."

એમની વાત સાંભળી મને મનમાં શાંતિ થઈ કે ગુરુજીએ કીધું છે માટે થઈ જ જશે. બાજુમાં મારી પત્ની બેઠી હતી. તમે પણ શેરબજારમાં તમારી પોજીશન ખરાબ છે તો બધાંની ખરાબ છે. એમાં ગુરુજી તમને કઈ રીતે બચાવશે. જે ગામનું થશે, એ રામનું થશે. મેં હાથ કરીને ચાર દિવસ એને ચૂપ રહેવા માટે કહ્યું.

ચાર જ દિવસમાં મેં ઊભી કરેલી બધી જ પોજીશન મારા ફેવરમાં થઈ ગઈ. નુકસાનની રીકવરી તો થઈ જ પણ પ્રોફીટ પણ મળ્યો.

આ વાત જ્યારે મેં મારી પત્નીને જણાવી ત્યારે તે બોલી ઉઠી કે આવું કઈ રીતે!!!

"જો શ્રદ્ધાથી તમે પરમ પૂજ્ય ગુરુજી પાસે માંગો તો એમના મુખમાંથી નીકળેલી વાણી કુદરત પણ સાચી કરી નાખે. એટલે પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ હોય તો ગામનું જે થવાનું હોય એ થાય પણ આપણું તો સારું જ થાય. માટે ગુરુજીની વાણી પર શંકા ના કરતી." મેં મારી પત્નીને કહ્યું.

પરમ પૂજ્ય ગુરુજી સદાય અમારી સાથે રહે એવા એમના શ્રીચરણોમાં પ્રાર્થના...

લી. નિખિલ દવે (અમદાવાદ)

**આપની મનોકામનનાની પૂર્તિ માટે સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના ફોટા સામે સંકલ્પ કરો. આપનો સંકલ્પ ચોક્કસ પરિપૂર્ણ થશે. (સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીનો ફોટો આશ્રમ પરથી નિઃશુલ્ક મળી જશે.)**

## શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનથી ચમત્કાર થયો

મારા લગ્ન થવામાં અટકાવ આવતો હતો. એ વખતે મેં પરમ પૂજ્ય ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ "સદ્‌ગુરુ ૐઋષિ" ઉપર ૐકારધામ તીર્થ-પાનવામાં શ્રી ક્ષેત્રપાળવીર ભગવાનના ચાર શુક્રવાર દર્શન માટે જવાનું જેનાથી તમારા જીવનમાં લગ્નનો મનોરથ પરિપૂર્ણ થઈ જાય એ વીડિયો જોયો.

લગ્ન કરવા માટે આપણે તો કંઈપણ કરવા તૈયાર હતા. હું અને મારો મિત્ર અનિષ જે મારાથી ત્રણ વર્ષ નાનો છે, અમે બંન્નેએ શુક્રવારે ૐકારધામ તીર્થ-પાનવા શ્રી ક્ષેત્રપાળવીર ભગવાનના દર્શનાર્થે જવાનું શરૂ કર્યું.

મારા મિત્ર અનિષને વિશ્વાસ ન હતો કે આવું પણ શક્ય બને. પરંતુ મારી જોડે મિત્ર તરીકે આવવું પડે એટલે આવતો હતો. મારો ત્રીજો શુક્રવાર પૂર્ણ થયો અને અમારા સમાજની એક છોકરીની વાત આવી. અમે બંન્ને એકબીજાને મળ્યા અને એકબીજા પર પસંદગી ઉતારી. ચોથો શુક્રવાર દર્શનનો પૂર્ણ થયો ત્યારે મારું સગપણ નક્કી થઇ ગયું.

નવાઈની વાત એ છે કે અનિષ હજી એના માટે છોકરીઓ જોતો ન હતો. પરંતુ ચાર શુક્રવાર પૂર્ણ થયાના મહિના બાદ એને પોતાના માટે જેવું પાત્ર વિચાર્યું હતું એવા જ પાત્રની વાત આવી અને અનિષનું પણ નક્કી થઇ ગયું. અનિષે મને કહ્યું કે "શ્રી ક્ષેત્રપાળવીર દાદાનો તો ચમત્કાર છે!!!" અમે બંન્ને મનોમન સમજી ચૂક્યા હતા કે ચમત્કાર કોને કહેવાય. શ્રી ક્ષેત્રપાળવીર દાદાના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. ચિરાગ અને અનિષ (વડોદરા)

**આપ પણ જીવનસાથી માટેની શોધમાં હોય અને એ શોધ પૂરી ના થતી હોય તો ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીર ભગવાનના દર્શનાર્થે સળંગ ચાર શુક્રવારે જાઓ અને ચમત્કારની અનુભૂતિ કરો.**

## કેનેડા એરપોર્ટ પર ગુરુજીએ સહાય કરી

અમે કેનેડામાં લેન્ડ થયા ત્યારે એરપોર્ટના કર્મચારીઓ દ્વારા અમને ખૂબ જ પરેશાની થઈ હતી. એ લોકોએ અઢી કલાક સુધી અમને રોકી રાખ્યા હતાં. શું કરવું તે કંઇ સમજાતું ન હતું. એ સમયે મેં પરમ પૂજ્ય ગુરુજીનું સ્મરણ કર્યું અને મનોમન સહાય કરવા કહ્યું.

થોડી જ મિનિટોમાં અમારું બધું જ ચેકીંગ બંધ થઇ ગયું અને અમારી બીજી બેગોને હાથ પણ ન લગાવ્યો અને અમારી બધી જ પરેશાની દૂર થઇ ગઇ.

લી. રમેશભાઈ મહેતા (કેનેડા)

**આપ પણ જ્યારે આવી પરેશાનીમાં આવો ત્યારે તુરંત પરમ પૂજ્ય ગુરુજીનું સ્મરણ કરો. ગુરુજી ચોક્કસ તમારી વ્હારે આવશે.**

# પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક સુધી લઈ જનાર ક્રિયા એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



### ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન વાદળી કલરનાં વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિધ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ કલરનાં વસ્ત્રમાં ઘઉના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને ગુલાબી વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન લીલા કલરના વસ્ત્રમાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ કેસરી વસ્ત્રમાં ચપટી કાળા તલ બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**
જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

॥ ૐ નમઃ ॥

## મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
## પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના



# પરમ ગુરુભક્ત શ્રી ડૉ. હર્ષિલ શાહ



- શું આપને ઘુંટણમાં દુખાવાને કારણે ચાલવામાં મુશ્કેલી પડે છે ?
- શું આપને સાંધા બદલવાની સલાહ આપવામાં આવી છે?
- શું આપને સીડી ચડવામાં કે ઉતરવામાં તકલીફ પડે છે ?

**આવી સાંધાને લગતી કોઈપણ તકલીફ માટે ડૉ.હર્ષિલ શાહનો સંપર્ક કરો.**

ઓપરેશનની નવી ટેકનીક નવી ડિઝાઈનવાળા
હાઈ ફ્લેકશન સાંધા માટે સંપર્ક કરો.

ૐકાર સંપ્રદાયના ભક્તો માટે
સ્પેશીયલ આર્થિક સુવિધા આપવામાં આવશે.

## રેડીઅન્ટ ઓર્થોપેડિક હોસ્પિટલ

૨૦૬-૨૦૯, એચ. આર. એલાન્ઝા,
મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી,
અમદાવાદ

મોઃ +91 75677 24365 | 95585 45176

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૫-૨૦૨૫ | બુધવાર | ૐ લક્ષ્મીતા | ૦૬-૦૬-૨૦૨૫ | શુક્રવાર | ૐ ભુવનેશ્વરી દેવી |
| ૨૨-૦૫-૨૦૨૫ | ગુરુવાર | ૐ ધનીતા | ૦૭-૦૬-૨૦૨૫ | શનિવાર | ૐ ત્રિપુરાસુંદરી દેવી |
| ૨૩-૦૫-૨૦૨૫ | શુક્રવાર | ૐ ધનલક્ષ્મી | ૦૮-૦૬-૨૦૨૫ | રવિવાર | ૐ માતંગી દેવી |
| ૨૪-૦૫-૨૦૨૫ | શનિવાર | ૐ શાંતિરક્ષા | ૦૯-૦૬-૨૦૨૫ | સોમવાર | ૐ તારા દેવી |
| ૨૫-૦૫-૨૦૨૫ | રવિવાર | ૐ કાર્યરક્ષા | ૧૦-૦૬-૨૦૨૫ | મંગળવાર | ૐ ધુમાવતી દેવી |
| ૨૬-૦૫-૨૦૨૫ | સોમવાર | ૐ મહાદેવ | ૧૧-૦૬-૨૦૨૫ | બુધવાર | ૐ લક્ષ્મિત્ય |
| ૨૭-૦૫-૨૦૨૫ | મંગળવાર | ૐ હનુમંતા | ૧૨-૦૬-૨૦૨૫ | ગુરુવાર | ૐ લક્ષ્મિદા |
| ૨૮-૦૫-૨૦૨૫ | બુધવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર | ૧૩-૦૬-૨૦૨૫ | શુક્રવાર | ૐ કુબેરદેવ |
| ૨૯-૦૫-૨૦૨૫ | ગુરુવાર | ૐ શ્રી સૂર્યવિદન્ત્યદેવ | ૧૪-૦૬-૨૦૨૫ | શનિવાર | ૐ રાહુદેવ |
| ૩૦-૦૫-૨૦૨૫ | શુક્રવાર | ૐ રાજસ્વદેવ | ૧૫-૦૬-૨૦૨૫ | રવિવાર | ૐ શુક્રદેવ |
| ૩૧-૦૫-૨૦૨૫ | શનિવાર | ૐ બગલામુખી દેવી | ૧૬-૦૬-૨૦૨૫ | સોમવાર | ૐ શનિદેવ |
| ૦૧-૦૬-૨૦૨૫ | રવિવાર | ૐ છિન્નમસ્તા દેવી | ૧૭-૦૬-૨૦૨૫ | મંગળવાર | ૐ બુદ્ધદેવ |
| ૦૨-૦૬-૨૦૨૫ | સોમવાર | ૐ ભુવનેશ્વરી દેવી | ૧૮-૦૬-૨૦૨૫ | બુધવાર | ૐ ગુરુદેવ |
| ૦૩-૦૬-૨૦૨૫ | મંગળવાર | ૐ ષોડશી દેવી | ૧૯-૦૬-૨૦૨૫ | ગુરુવાર | ૐ કેતુદેવ |
| ૦૪-૦૬-૨૦૨૫ | બુધવાર | ૐ મહાકાલી દેવી | ૨૦-૦૬-૨૦૨૫ | શુક્રવાર | ૐ મંગલદેવ |
| ૦૫-૦૬-૨૦૨૫ | ગુરુવાર | ૐ કમલા દેવી | | | |



|| ૐ નમઃ ||

# Karma Associates

TATA AIA LIFE INSURANCE

TATA AIG INSURANCE

## "All insurance in one umbrella."

Life
Health
Motor
Fire
Personal Accident
Project
Marine
Travel
Home

**Book your Appointment:**

**Bhavin Shah - 99255 94767 | Priti Vora - 99241 99190**

karmaassociatesbhavinshah@gmail.com

# Kalash Associates

- Car Loan
- Home Loan
- Business Loan
- Personal Loan
- Mortgage Loan
- Education Loan

**Book your Appointment:**

**Jinal Joshi - 7575816434**

kalashassociates87@gmail.com

**Golden opportunity to join our business... 99255 94767**

## જાહેર આમંત્રણ

# "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**12 મે, 2025**
**સોમવાર**

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**
**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**શુભ સમય**

**સવારે 10 થી**
**બપોરે 1 કલાક સુધી**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**
Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**